અપીલ અરજી નં.૩૦૨ તા.૨૨–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશોકભાઈ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોકભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી ૬/૨૫૭૬, રામપુરા, મેઈનરોડ ખાતે ચાલી રહેલા બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજાચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૨/૨૦૧૦–૧૧

શ્રી અશોકભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી ૬/૨૫૭૬, રામપુરા, મેઈનરોડ ખાતે ચાલી રહેલા બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજાચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગત આપવા બાબતે કોઈ પ્રતિસાદ કે નિર્ણય ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૪ તા.૩–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૫ તા.૨૪–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારના તારીખ અને સહી વગરના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૨૪૫ તા.૯–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સ ે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૨૪૫ તા.૯–૧૨–૧૦ થી " ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં સદર મિલ્કતે પત્ર નં.સ ે.ઝોન/આ.નં.૧૩ તા.૯–૪–૦૮ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે જે તમામ પેપર્સની નકલ રૂા.૭૦૮/– ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલનું કારણ જાહેર માહિતી અધિકારીની બેદરકારી જણાવી તા.૨૨–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેના કોઈ આધાર રજૂ કરેલ નથી. " પરંતુ માહિતી બાબતે કોઈ અપીલનું કારણ જણાવેલ નથી તે અંગે રકમ ભરપાઈ કર્યા અંગે પક્ષકાર તરફથી અપીલ તબકકે જણાવવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીના નિયત સમય અવધિમાં માહિતીની વિગત પૂરી પાડવા સાથે પ્લાન અંગેના પેપર્સની નકલો માટે નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી મેળવી લેવાનો પ્રસ્તાવ અરજદારને કરેલ છે જ. તેમ છતાં અરજદારે તે મુજબ અનુસરી માહિતી મેળવવા કરેલ પ્રયત્નની કોઈ વિગતો અપીલ તબકકે જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પુરી પાડેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નાણા ભરપાઈ કરીને પ્લાન સબંધી પેપર્સની નકલ મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અશોક પ્રેમજીભાઈ કટારીયા,